# પતંગ રસિયાઓથી પતંગ બજાર મોડીરાત સુધી ધમધમ્યું

ગાંધીનગર, તા.૧૩

વાયબ્રન્ટ અને નોટબંધીના માહોલમાં ગાંધીનગર શહેરના બજારોમાં તંત્ર દ્વારા ફાળવવામાં આવેલા પતંગના સ્ટોલ સુમસામ લાગતા હતા. પતંગ-દોરીની ઘરાકી ના રહેતા લાવેલો માલનું વેચાણ થશે કે કેમ તેની ચિંતા વેપારીઓને સતાવી રહી હતી. પરંતુ વાયબ્રન્ટ પૂર્ણાહુતી થતા જ શહેરના પતંગ બજારમાં તેજી આવી ગઈ હતી. વાયબ્રન્ટના કામમાં પરોવાયેલા અધિકારીઓ-કર્મચારીઓ પતંગ-દોરીની ખરીદી કરી શક્યા નહોતા. ત્યારે શુક્રવાર બપોર બાદ સેકટર-૨૧ સ્થિત પતંગ બજારમાં પતંગ રસિયાઓની ભારે ભીડ મોડીરાત સુધી યથાવત રહેવા પામી હતી. જયારે પતંગના વેપારીઓએ પણ છેલ્લી ઘડીએ પતંગ અને દોરીના ભાવમાં પણ વધારો કરી દીધો હતો. જયારે કેટલાક પતંગ રસિયાઓ દોરી રંગાવવા માટે મોડીરાત સુધી બેસી રહ્યા હતા. ઉતરાયણ પર્વમાં પતંગ-દોરીની સાથે બોર, શેરડી, વિવિધ પ્રકારની ચીક્કી સહિત બ્યુગલ, કેપ, ગોગલ્સ, સહિતની બોલબાલા હોય છે. જેથી વિવિધ ચીજવસ્તુના વેપારીઓના ધંધામાં પણ તેજી જોવા મળી હતી. જયારે શહેરના કર્મચારીઓ છેલ્લા અઠવાડીયાથી વાયબ્રન્ટના કામમાં હોવાથી બાળકો માટે ઉતરાયણની ખરીદી કરી નહોતી.જેથી બાળકો ઘરે પતંગ દોરીની ખરીદીની રાહ જોઈને બેઠા હોવાથી જ વાયબ્રન્ટ પુરુ થતા જ કર્મચારીઓ ઉતરાયણી ખરીદીમાં પરોવાઈ ગયા હતા. શહેરના સેકટર-૬,૭,૨૧,૨૨,૨૪ ના બજારો પતંગ રસિયાઓથી ઉભરાતું હતું. આ વર્ષે ચીલ પતંગ કોડીનો ભાવ રૂ.૪૦ થી ૬૦ નો હતો. જયારે મોડીરાત થતા જ સસ્તુ થવાના બદલે માર્કેટમાં પતંગ ખુટતા ભાવમાં વેપારીઓએ વધારો કરી દીધો હતો. નાગરીકોને ના છુટકે મોંઘા ભાવે પતંગ ખરીદી કરવી પડી હતી. ત્યારે છેલ્લા બે દિવસથી સુમસામ લાગતા પતંગ બજાર વાયબ્રન્ટ બાદ મોડીરાત સુધી ધમધમતા રહ્યા હતા. જયારે પતંગ રસિયાઓ પણ બજારમાં મોડીરાત સુધી દોરી રંગાવતા તેમજ વિવિધ ચીજવસ્તુની ખરીદી કરતા વેપારીઓને બખ્ખા થઈ ગયા હતા.






## શાળાની કઈ બાબતો સારી લાગી ? શું સુધારાને અવકાશ છે જેવા સવાલો સાથેનો અભિપ્રાય આપવો પડશે

ગાંધીનગર, તા. ૧૩

ગુણોત્સવ દરમ્યાન મૂલ્યાંકનકારે શાળાની કઈ-કઈ બાબતો તમને સારી લાગી ? તમારી દૃષ્ટિએ શાળાની કઈ-કઈ બાબતોમાં સુધારાને અવકાશ છે ? જેવા પ્રશ્નો અંગે સ્પષ્ટ અભિપ્રાય સરકારને આપવાનો રહેશે.

ગુણોત્સવના મૂલ્યાંકન માટે તંત્રે ૧૪ જેટલા પ્રશ્નોનું અહેવાલ પત્રક તૈયાર કરી આપવામાં આવ્યું છે. જેમાં શિક્ષકોની સંખ્યા, કેટલા હાજર, કેટલા ગેરહાજર તેમજ બાળકોના વાંચન, લેખન અને ગણન અંગે પણ અભિપ્રાયમાં સ્પષ્ટ કહેવાનું રહેશે.

મૂલ્યાંકનની બાબતો ઉપરાંત શાળાનું વાતાવરણ, સ્વચ્છતા સહિતની બાબતો સાથે તમારી દૃષ્ટિએ શાળાને કઈ કક્ષામાં મુકશો તેવો અણિયાળો સવાલ પણ મૂલ્યાંકનકારને પૂછવામાં આવ્યો છે.

આગામી ૧૬ થી ૧૮ દરમ્યાન ગુણોત્સવ-૭નું આયોજન સરકાર દ્વારા કરવામાં આવ્યુ છે. શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં એક સાથે ગુણોત્સવ યોજાવાનો છે. આ વખતે વાયબ્રન્ટને પગલે રાજ્ય સરકારના સચિવાલય સાથે સંકળાયેલા અધિકારીઓ માત્ર ૧૬-૧૭ જ ગુણોત્સવમાં જોડાશે. ૧૮મીએ મંત્રીમંડળની બેઠક હોવાથી તેઓની હાજરી ગાંધીનગરમાં જરૂરી હોવાથી ૧૭મીએ ગાંધીનગર પરત ફરવા જણાવવામાં આવ્યુ હોવાનું શિક્ષણના અંતરંગ સૂત્રોએ જણાવ્યું છે.

ગુણોત્સવ દરમ્યાન મૂલ્યાંકનકારો મધ્યાહન ભોજન યોજનાનું ભોજન જ બાળકો સાથે લેવાનુ રહેશે. ચાર તબક્કામાં જુદા જુદા વર્ગોમાં ફરી અને વાંચન લેખન ગણનનું મૂલ્યાંકન કરવાનું રહેશે. આ માટેનું સમય પત્રક પણ શિક્ષણ વિભાગે તૈયાર કરીને આપ્યુ છે.

શાળા વ્યવસ્થાપન કમિટી અને વાલીઓ સાથે પણ એક કલાક સુધી બેઠક મૂલ્યાંકન પછી કરવાની સૂચના પણ આપવામાં આવી છે.

## સોમવારથી પંચાયતોમાં નવા પદાધિકારીઓ હોદ્દા સંભાળશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયોતમાં ૧૬મી જાન્યુઆરીથી નવા ચૂંટાઈ આવેલા પંચાયતના પદાધિકારીઓ ચાર્જ સંભાળી લેશે.

જિલ્લામાં ડિસેમ્બર માસના અંતિમ સપ્તાહમાં પંચાયતની ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. હવે કમૂરતા ઉતરતાં જ પંચાયતોની નવી ચૂંટાઈને આવેલ પંચાયતના સરપંચો તેમના હોદ્દાનો ચાર્જ સંભાળી લેશે.

ગાંધીનગર તાલુકામાં પંચાયતોની પ્રથમ બેઠક મળી ગઈ છે. જ્યારે કલોલ, માણસા અને દહેગામમાં પણ ૧૫મીના રોજ પ્રથમ બેઠક મળશે અને નવા હોદ્દાનો ચાર્જ સોમવારને ૧૬મી જાન્યુઆરીથી સંભાળી લેશે. આમ હવે પંચાયતોમાં નવા પદાધિકારીઓ આવશે અને વહીવટીય સ્થિરતા આવી હતી તે દૂર થશે.

દરમ્યાન આજે ગાંધીનગર તાલુકાના સરઢવ ગામે પંચાયત તરફથી સત્યનારાયણ ભગવાનની કથા નવા ચૂંટાયેલા પદાધિકારીઓએ રાખી હતી.

## મકરસંક્રાંતિ બાદ કમુરતા ઉતરતા શુભકાર્યો થઈ શકશે

ગાંધીનગર, તા. ૧૩

ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિની ઉજવણી શનિવારે થશે. આ દિવસે તલનુ ભોજન કરવુ શુભ છે. તલ પાણીમાં નાંખી શિવલીંગ પર અભિષેક કરવુ, ગરીબોને તલનું ભોજન કરાવવુ, ગરમ વસ્ત્રોનું દાન કરવુ, ગાયોને ઘાસ અને પંખીઓને દાણા નાંખવા જેવુ પુણ્યકાર્ય સારૂ ફળ આપે છે તેમ ઈડર ઉમેદપુરાના શાસ્ત્રી જનકભાઈએ સંક્રાંતિ ફળમાં જણાવ્યું છે.

સંવત-૨૦૭૩ના પોષ વદ બીજ શનિવાર તા. ૧૪-૧-૧૭ના રોજ સવારે ૭.૩૯ કલાકથી સૂર્યાસ્ત સુધી પુણ્યકાળ ગણાય. સંક્રાંતિ પ્રવેશમાં ચંદ્ર-કર્કનો છે, આશ્લેષા નક્ષત્ર છે. પ્રિતી યોગ અને ગર કરણ છે, સંક્રાંતિનું વાહન ગજ છે. ઉપવાહન ગંર્દભ છે, રાતા વસ્ત્રો ધારણ કરેલા છે. આયુધ ધનુષ છે, પાત્ર સીસાનું છે. ગોરોચનનું તીલક કરેલ છે. જાતી પશુ છે. ફળ-ફૂલ-ઘાસ-દુધ ભક્ષણ કરતી-સંક્રાંતિ-૬૦-યોજન વિસ્તારવાળી પુરુષાકારે-એક માથુ નવ હાથ-લાંબુ નાક તથા કઠોર વચન બોલતી સંક્રાંતિ પ્રવેશ કરશે. જેમાં આસુરી લોકોનું બળ વધશે. સૂર્ય-મકર-રાશિમાં પ્રવેશ કરે છે. ધનારક કમુર્તા પુરા થાય છે. શુભ કાર્યોની શરૂઆત થશે સંક્રાંતિ પ્રવેશ કુંડલિમાં શનિ અગીયારમા સ્થાને-સૂર્ય-લગ્નમાં રાહુ આઠમે ખાડામાં હોવાથી સત્તાધારી પક્ષોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. જમીનના ભાવ-સોના-ચાંદીના ભાવ કિંમતી વસ્તુના ભાવમાં વધ-ઘટ થાય. દિન પ્રતિદિને નાના મોટા અક્સમાતનું પ્રમાણ વધે. નાના મોટા રોગના ઉપદ્રવથી માનવ અને પશુ પીડાય. કમોસમી વરસાદ થાય. અસહ્ય ઠંડી અને ગરમીના પ્રકોપથી પશુ અને માનવ પીડા ભોગવશે. સંક્રાંતિ ભૌગોલિક પરિવર્તનનો ભાગ છે.

## શ્રીહરિ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં અનાથ બાળકોને મીઠાઈનું વિતરણ

ગાંધીનગર, તા.૧૩

શ્રી સહજાનંદ ગુરુકુળને આંગણે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર (પ્રાર્થના મંદિર)-કોટેશ્વરમાં શ્રી હરિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં વિવિધ સમાજલક્ષી સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મહોત્સવ સમિતિ દ્વારા એક દિવસ પૂર્વે અનાથાશ્રમના બાળકોમાં ૫૦૦ કિલો મિઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ગ્લોબલ ટ્રેડ શો છેલ્લા દિવસે મુલાકાતીઓની ભીડથી ઉભરાયુ

### સેકટરોના આંતરિક વિસ્તારમાં પાર્કીંગ ચક્કાજામ : રહીશોના ઘર આંગણે કાર પાર્કીંગ : સેકટરોમાં આડેધડ વાહનો ખડકાયા : મુખ્ય માર્ગો પર ધમધમાટ : ખાણીપીણી બજાર અને પાણીપુરીની લારીએ તડાકો

ગાંધીનગર તા ૧૩

ગ્લોબલ ટ્રેડ શો માં આજે છેલ્લા દિવસે ભારે ભીડ જામી હતી. ટ્રેડ શો માં સંખ્યાબંધ મુલાકાતીઓથી ઉભરાયુ હતુ. નગરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકજામ સાથે સેકટરોના આંતરિક વિસ્તારોમાં નજર નાંખો ત્યાં કારપાર્કિંગ જોવા મળ્યુ હતુ. મુલાકાતીઓ પોતાની કાર સેકટરોના આંતરિક વિસ્તારમાં પાર્ક કરી ટ્રેડ શો માં જતા નજરે પડયા હતા. ટ્રેડ શો ના અંતિમ દિવસે બપોર સુધી વિશેષ ભીડ જોવા મળી હતી.ટ્રેડ શો માં અવનવા સ્ટોલ ઉપરાંત ચીજવસ્તુઓ નિહાળી મુલાકાતીઓ દંગ રહી ગયા હતા.

વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ અન્વયે સે-૧૭ ના હેલીપેડ મેદાન ખાતે સ્થિત એકઝિબીશન સેન્ટર ખાતે આજે ત્રીજા દિવસે નાગરિકોની ભારે ભીડ જામી હતી. ટ્રેડ શો ના આખરી દિવસે રાજયના વિવિધ વિસ્તારોમાંથી શાળા કોલેજોના વિદ્યાર્થીઓ તેમજ મુલાકાતીઓ ઉમટી પડયા હતા. ખાસ કરીને અમદાવાદમાંથી વધુ નાગરિકોએ આજે ટ્રેડ શો ની મુલાકાત લીધી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. ટ્રેડ શો ના આસપાસના વિસ્તારમાં સ્થિત સેકટરોમાં પાર્કીંગ હાઉસ ફુલ જોવા મળ્યુ હતુ. જયારે જગ્યા ન મળતા મુલાકાતીઓએ પોતાના વાહનો સેકટરોના આંતરિક વિસ્તારમાં મુકી દીધા હતા. જેના પરિણામે સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ વાહનોનો ખડકલો જોવા મળ્યો હતો. જયારે દિવસ દરમિયાન મુખ્ય માર્ગો પર પણ ભારેભીડ જોવા મળી હતી. ટ્રેડ શો માં આવનારા મુલાકાતીઓમાં યુવતિઓ તેમજ શાળાના વિદ્યાર્થીઓ સહીત મહીલાઓની સંખ્યા પણ નોંધપાત્ર જોવા મળી હતી. ટ્રેડ શો માં જામેલી ભીડના લીધે આસપાસના વિસ્તારમાં સ્થિત ખાણીપીણી બજારો અને પાણીપુરીની લારીઓ પર ભારે ભીડ જોવા મળી હતી. જયારે ઘ-૪ વિસ્તારમાં મુલાકાતીઓની અવરજવરના લીધે સતત ધમધમાટ રહયો હતો.




## વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૭માં ભારતીય સેનાના બેન્ડ અને ઉપકરણ મુલાકાતીઓની આકર્ષણનું કેન્દ્ર બન્યાં

વાઈબ્રન્ટ ગુજરાત સમિટના નેજા હેઠળ આયોજિત ગ્લોબલ ટ્રેડ શો ૦૯ જાન્યુઆરી, ૨૦૧૭થી ૧૩ જાન્યુઆરી, ૨૦૧૭ વચ્ચે યોજાયો હતો, જેમાં ઉદ્યોગ અને સમાજના તમામ વર્ગોને તેમની પ્રતિભા અને ક્ષમતા સમિટમાં સહભાગી થયેલા તમામ લોકોને પ્રદર્શિત કરવાની તક મળી હતી. ભારતીય સેનાએ પણ પ્રદર્શનમાં ડિફેન્સ પેવેલિયનમાં તેની ક્ષમતા પ્રદર્શિત કરી હતી. સેનાએ સશસ્ત્ર સેના અને સેવામાં આધુનિક વેપન સિસ્ટમ, સર્વેલન્સ ઈક્વિપમેન્ટ અને નાઈટ વિઝન ક્ષમતાનું પ્રદર્શન કરીને આધુનિક, સુસજ્જ અને અભિયાનલક્ષી વ્યાવસાયિક સૈન્ય દળ બનવાની આકાંક્ષા પૂર્ણ કરવા વર્તમાન અને ભવિષ્યના પ્રવાહો પ્રદર્શિત કરીને તેના આધુનિકરણ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું.



ડિસ્પ્લેનો ઉદ્દેશ ભારતીય સેનાની ક્ષમતાઓ અને તાકાત આપણા નાગરિકો અને આંતરરાષ્ટ્રીય દર્શકોને દેખાડવાનો હતો તેમજ મેક ઈન ઈન્ડિયા અભિયાન સાથે સંરક્ષણ ક્ષેત્રમાં ઉત્પાદનમાં રોકાણ કરવા આપણા મિત્ર વિદેશી ભાગીદારોને આમંત્રણ આપવાનો હતો. તેઓ ભવિષ્યમાં જરૂરી વિવિધ વેપન સિસ્ટમ અને અન્ય અત્યાધુનિક ટેકનોલોજીની જરૂરિયાતો પૂરી પાડવા રોકાણ કરી શકે છે. સેના અત્યારે પ્રાદેશિક અને વૈશ્વિક સત્તા બનવાની આકાંક્ષા જેવા ભવિષ્યના પડકારોને પૂર્ણ કરવા સંપૂર્ણ આધુનિકરણમાંથી પસાર થઈ રહી છે.

ડિસ્પ્લેમાં એન્ટિ મટિરિયલ રાઈફલ, એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ લોંચર્સ, ઓટોમોટિક ગ્રેનેડ લોંચર તથા અતિ પ્રશંસા પામેલી સ્વદેશી આઈએનએસએએસ શસ્ત્રો જેવી વિવિધ વેપન સિસ્ટમ સામેલ હતી. એફ-આઈએનએસએએસની ભવિષ્યલક્ષી વિભાવના પણ દર્શકોને દર્શાવવામાં આવી હતી. સર્વેલન્સ સિસ્ટમમાં લોરોસ (લોંગ રેન્જ રિકનિસ્સન્સ એન્ડ ઓબ્ઝર્વેશન સિસ્ટમ) અને ટીઆઈઆઈઓઈ (થર્મલ ઈમેજ ઈન્ટરપ્રિટેશન એન્ડ ઓબ્ઝર્વેશન ઈક્વિપમેન્ટ) પણ પ્રદર્શિત કરવામાં આવી હતી. સૌથી વધુ ટી-૯૦ (ભીષ્મ), ટી-૭૨ (અજેય) ટેન્ક અને બોફોર્સ ગન આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં.

પેવેલિયનમાં તમામ સ્ટોલમાં મહત્તમ હાજરી જોવા મળી હતી, જેમાં દરરોજ સરેરાશ ૪,૦૦૦થી ૫,૦૦૦ લોકોએ મુલાકાત લીધી હતી. વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહાનુભાવોએ પણ સ્ટોલની મુલાકાત લીધી હતી.

કાર્યક્રમ દેશના યુવા ધનને સૈનિકો સાથે વાતચીત કરવાની અને સલામતીની લાગણી અનુભવવાની તક મળી હતી, કારણ કે આપણા જવાનો રાતદિવસ મટકું માર્યા વિના સતત દેશનું રક્ષણ કરે છે.

ભારતીય સેનાનું સેરેમોનિયલ પાઈપ બેન્ડ્સએ વિવિધ કાર્યક્રમોમાં શોભા વધારી હતી, જેમાં રાષ્ટ્રીય અને વિદેશી વડાઓ તથા મહાનુભાવોએ હાજરી આપી હતી. તેમણે ૦૯ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ હાઈ ટી પર અને ૧૦ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ એમએમસીસી ટેરેસ પર આદરણીય પ્રધાનમંત્રી અને વીવીઆઈપી મહાનુભાવો માટે મુખ્યમંત્રી દ્વારા આયોજિત ડિનરમાં માર્શલ ટ્યુન્સ સાથે દર્શકોને રોમાંચિત કર્યા હતા.

સાથે સાથે ભારતીય સેનાએ ગાંધીનગરમાં સ્થિત ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજીમાં ૧૭ જાન્યુઆરીના રોજ 'નો અવર આર્મી' (આપણી સેનાને જાણો) શોનું આયોજન કર્યુ છે.





## લાયન્સ ક્લબ દ્વારા મેગા નેત્રનિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા સોલૈયા તથા દેવકરણના મુવાડા ગામે મફત નેત્રનિદાન કેમ્પ, ચશ્મા વિતરણ તથા ડાયાબિટીસ ચેક કેમ્પનું આયોજન કરાયું હતું. બંને કેમ્પમાં થઈને ૮૦૦થી વધારે દર્દીઓની આંખની ચકાસણી કરાઈ અને ૭૭ દર્દીઓના મફત મોતિયાના ઓપરેશનનું આયોજન કરાયું. ૪૧૯ જરૂરિયાતમંદોને ચશ્માનું વિતરણ કરાયું. લગભગ ૩૦૦થી વધારે દર્દીઓના ડાયાબિટીસ ચેકઅપ કરી યોગ્ય આહાર અને દવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. ગ્રામ્ય વિસ્તારના ગરીબ તથા જરૂરિયાતવાળા દર્દીઓ માટે આ મોટે સેવાયજ્ઞ બની રહ્યો હતો. લાયન્સ કર્ણાવતી આઈ હોસ્પિટલ, ઓગણજ અને જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ ગાંધીનગર દ્વારા મફત ઓપરેશનની સેવા અપાય છે. ગરીબ દર્દીઓને દવાખાને લઈ જવા, પેથોલોજીકલ ટેસ્ટ કરી, સફળ ઓપરેશન કરી નેત્રમણી મુકીને પાછા ઘરે મુકવા જવા સુધીની આ સેવા લાયન્સ ક્લબ પુરી પાડે છે. સેવા કેમ્પમાં હાજર રહીને સેવા આપનાર લાયન વિજય કંસારા, સભ્યો કે.પી. પ્રજાપતિ, ડૉ. એ.આર. પટેલ, ડૉ. ડી.પી. ત્રિવેદી, વિનોદ મનીક, નયન મધુકર, ઉમંગ પંડ્યા, મોહનભાઈ પરમાર, રઘુસિંહ ગોલ, નટુભાઈ વગેરે હાજર રહ્યા હતા.

### જાહેર નિવિદા

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગમાં કોપિયર ઝેરોક્ષ મશીન નકલદીઠ ચાર્જથી ભાડા કરારથી ચલાવવા રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી તા. ૨૧/૧/૨૦૧૭ સુધીમાં સીલબંધ કવરમાં, કવર પર 'ઝેરોક્ષ મશીનના ભાડા કરારના ભાવપત્રક' ઉલ્લેખ કરીને નીચે સહી કરનારને નામજોગ મળી રહે તે મુજબ ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

ઝેરોક્ષ મશીનની વિગતો અને કામગીરીના પ્રમાણની વિગતો વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, બ્લોક નં. ૭, પાંચમો માળ, નવા સચિવાલય, ગાંધીનગર ખાતેથી રૂબરૂમાં મેળવી શકાશે.

સહી/-
(વિપુલ વસાવા)
ઉપસચિવ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
બ્લોક નં. ૭, પાંચમો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર

માહિતી/૨૪૭૬/૧૬-૧૭

### ટુંકી મુદતની જાહેર નિવિદા નં. ૬ સને ૨૦૧૬-૧૭

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૧૦, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, પ્રથમ માળ, ગાંધીનગર (ટેલીફોન નં. ૨૩૨૫૯૧૬૮)ની કચેરીએથી અંદાજીત કિંમત રૂ. ૨.૦૫ લાખ અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિબાગ નં. ૧૮, પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, બીજો માળ, ગાંધીનગર (ટેલીફોન નં. ૨૩૨૫૬૦૩૨)ની કચેરીએથી અંદાજીત કિંમત રૂ. ૨.૨૪ લાખ સુધીના કુલ (બે) કામના પાણી / ગટર વેરાના બીલોનું કોમ્પ્યુટરાઈઝ ડેટા એન્ટ્રી / જોબ વર્ક કરતા તથા બીલોનું વિતરણ કરતાં અનુભવી ઈજારદારો પાસેથી સીલબંધ ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૯/૧/૨૦૧૭ છે. અને ભરેલા ટેન્ડર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૨૪/૧/૨૦૧૭ છે. શક્ય હશે તો ભરાઈને પરત આવેલ ટેન્ડરો તા. ૨૫/૧/૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાકે હાજર હેલ ઈજારદારશ્રીઓની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નિવિદા તથા ટેન્ડર માંગવાની અરજી સાથે જોડવાના દસ્તાવેજોની યાદી ઉપરોક્ત જણાવેલ જે તે કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. ટેન્ડર અંગેની વધુ માહિતી સારૂ જરૂર જણાયે કચેરીના કામકાજના દિવસો દરમિયાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. માહિતી/૨૪૮૧/૧૬-૧૭